## ગુજરાતી ભાષામાં વિશાળ, બોધક, ભાવવાહી અને લોકપ્રિય પદ્યસાહિત્યના સર્જક

# ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન ગણિવર

કવિવર ઉપાધ્યાય શ્રી ઉદયરત્ન ગણિ તપારત્નશાખાના શ્રી હીરરત્નસૂરિના શિષ્ય ઉપા૦ લબ્ધિરત્નના પ્રશિષ્ય ઉપા૦ શિવરત્ન ગણિના શિષ્ય હતા. તેમનો જન્મ વિક્રમની અઢારમી સદીમાં ખેડામાં થયો હતો. તેમના પિતાનું નામ વર્ધમાન અને માતાનું નામ માનબાઈ હતું. તેમનું પોતાનું જન્મનામ ઉત્તમચંદ હતું. તેમના મોટા બંધુ હરખચંદે પણ દીક્ષા લીધી હતી. તેમનું દીક્ષિત નામ ઉપા૦ હર્ષરત્ન હતું. તેઓ મહાન ત્યાગી, તપસ્વી અને સંયમી હતા.

મુનિ ઉદયરત્નને મહોપાધ્યાય સિદ્ધિરત્ન ગણિએ ભણાવ્યા હતા અને પોતાની પાટે મહોપાધ્યાય બનાવ્યા હતા. ઉપા૦ ઉદયરત્ન સિદ્ધ કવિ હતા. તેમણે અનેક રાસો, સ્તવનો, સજ્ઝાયો, સલોકા, છંદો, પ્રભાતિયાં વગેરે રચ્યાં હતાં. તેમના જીવનમાં કેટલીક ચમત્કારી ઘટના પણ બની હતી. એક વાર શંખેશ્વર પાર્શ્વનાથના દર્શન પછી જ અન્ન–જળ લેવાના નિયમપૂર્વક તેઓ જ્યારે શંખેશ્વર પધાર્યા ત્યારે જિનાલયના બંધ દ્વાર પૂજારીએ નહીં ખોલતાં, તેમણે ઘણા આર્તસ્વરે સ્તુતિગાન કર્યું અને દ્વાર આપોઆપ ખૂલી ગયાં. બીજા એક પ્રસંગમાં, ખેડા પાસેની મેશવો, વાત્રક અને ખારી–એ ત્રણ નદીઓનાં સંગમસ્થાને તેમણે ચાર મહિના ધ્યાન ધર્યું હતું, તેના પરિણામે એ સ્થાને બેટ જેવું બની ગયું હતું. આ ચમત્કાર જોઈ ખેડાના ભાવસારો, વૈષ્ણવો વગેરે ૫૦૦ ઘરોએ 'જૈનધર્મ' અપનાવ્યો હતો.

વિ. સં. ૧૭૫૯માં, ઉનામાં શ્રી ઉદયરત્ન ગણિએ 'સ્થૂલિભદ્ર–નવરસો' નામે કાવ્ય રચ્યું, તેમાં શૃંગારરસ હતો, જે તેમના ગુરુને ઉચિત ન લાગ્યું; અને તેવાં કાવ્યો ન રચવા ગુરુએ તેમને સમજાવ્યું; અથવા એમ પણ કહેવાય છે કે તેમને એ કારણે સમુદાય બહાર મૂકવામાં આવ્યા. ત્યારપછીથી તેમણે લોકોપકારક કાવ્યો રચવાનો નિર્ણય કર્યો, જે વિ. સં. ૧૭૬૩માં, ખંભાતમાં, તેમણે રચેલી 'બ્રહ્મચર્યની નવ વાડ'ની સજ્ઝાય એ વાતની શાખ પૂરે છે. કહેવાય છે કે, ત્યારથી તેમને સમુદાયમાં પુનઃ પ્રવેશ મળ્યો હતો.

ગ્રંથસર્જન : ઉપાધ્યાય ઉદયરત્ન ગણિએ વિક્રમની અઢારમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી ભાષામાં વિપુલ પ્રમાણમાં સાહિત્ય રચ્યું, જેની વિગત નીચે મુજબ છે :

(૧) શ્રી જંબૂસ્વામી રાસ, ઢાળ : ૬, (૨) અષ્ટપ્રકારી પૂજા, (૩) સ્થૂલિભદ્રરાસ–નવરસ, (૪) શંખેશ્વર પાર્શ્વનાથ સલોકો, (૫) રાજા મહીપતિ – મંત્રી મતિસાગર રાસ, (૬) રાજસિંહ ( નવકાર ) રાસ, (૭) બ્રહ્મચર્યની નવ વાડ–સજ્ઝાય, ઢાળ : ૧૦, (૮) બાર વ્રતનો રાસ, (૯) મલયાસુંદરી રાસ ( વિનોદવિલાસ ), ઢાળ : ૧૩, (૧૦) યશોધર રાસ, ઢાળ : ૮૧, (૧૧) લીલાવતી – સુમતિવિલાસ રાસ, ઢાળ : ૨૧, (૧૨) ધર્મબુદ્ધિ–પાપબુદ્ધિ રાસ, (૧૩) ભુવનભાનુ કેવલી ( રસલહરી ) રાસ, ઢાળ : ૯૭ (૧૪) સુવિધિનાથ સ્તવન, ગાથા : ૩૦,

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૫) નેમિનાથ સલોકો, (૧૬) શાલીભદ્ર સલોકો, (૧૭) ભરત–બાહુબલિ સલોકો, (૧૮) શત્રુંજય–મંડન શ્રી ઋષભદેવ સ્તવન, ઢાળ : ૧૦, (૧૯) ભટ્ટારક ભાવરત્નસૂરિ પરંપરા રાસ, (૨૦) સ્તવન–ચોવીશી, (૨૧) ઢંઢણમુનિની સજ્ઝાય, (૨૨) ભાભા પાર્શ્વનાથ સ્તવન, (૨૩) રાજા સૂર્યયશા (ભરતપુત્ર)નો રાસ, (૨૪) વરદત્ત–ગુણમંજરી રાસ, (૨૫) દામન્નક–રાસ, (૨૬) સુદર્શન શેઠનો રાસ, (૨૭) ગંધારમંડન મહાવીર સ્તવન, (૨૮) વિમલ મહેતાનો સલોકો, (૨૯) નેમિનાથરાજીમતી બારમાસા, (૩૦) હરિવંશ (રત્નાકર) રાસ, (૩૧) શ્રી હર્ષરત્ન ગણિ સજ્ઝાય, કડી : ૯૨.

આ ઉપરાંત, તેમણે શત્રુંજય તીર્થનાં અનેક સ્તવનો, પ્રભાતિયાં, છંદો અને છૂટક રાસો, સ્તવનો, સજ્ઝાયો–એમ વિવિધ પ્રકારનું સાહિત્ય રચ્યું. તેઓશ્રીની કાવ્યકૃતિઓ સુંદર, બોધક, ભાવવાહી અને લોકપ્રિય બની છે. ('જૈન પરંપરાનો ઇતિહાસ' ભાગ : ૪માંથી સાભાર.)

## મહા ત્યાગી—વૈરાગી અને વિદ્વદ્વર્ય

# ઉપાધ્યાય શ્રી ધનવિજયજી મહારાજ

ઉપાધ્યાય શ્રી ધનવિજયજીનું સંસારી નામ ધનજી હતું. તેમણે પોતાના ત્રણે પુત્રો–ગણજી, કમલ અને વિમલ તથા સ્વપત્ની સહિત શ્રી વિજયહીરસૂરિના શિષ્ય શ્રી કલ્યાણવિજયજીના શિષ્ય બનીને ધનવિજય તરીકે તથા ત્રણે પુત્રોને ગુણવિજય, કુંવરવિજય અને વિમલવિજયના નામે પોતાના શિષ્યો બનાવવાપૂર્વક વિ. સં. ૧૬૩૧માં દીક્ષા ગ્રહણ કરી હતી.

તેમણે વિ. સં. ૧૬૫૪ના વૈશાખ વદ ૧૩ના દિને પોતાના શિષ્ય ગુણવિજયના વાચન માટે અમદાવાદમાં 'હેમવ્યાકરણ–બૃહદ્વૃત્તિદીપિકા' લખી હતી. સં. ૧૬૫૦માં 'હરિષેણ–શ્રીષેણ રાસ' રચ્યો હતો. શ્રી વિજયસેનસૂરિના શિષ્ય શ્રી સંઘવિજય ગણિએ સં. ૧૬૭૪માં કલ્પસૂત્ર પર દીપિકા રચી, તે તેઓએ સં. ૧૬૮૧માં શોધી હતી. સં. ૧૬૮૧માં લોકનાલિકા-સૂત્ર પર ભાષ્યવૃત્તિ રચી. મુનિ સુંદરસૂરિના 'અધ્યાત્મ કલ્પદ્રુમ'ની અધિરોહિણી ટીકા રચી. સં. ૧૬૯૯ના પોષ માસમાં રાજનગરની સમીપમાં આવેલા ઉસ્માનપુરામાં આભણમાલિકા–આભારશતક અપરનામ ધર્મોપદેશલેશની ૧૦૮ શ્લોકપ્રમાણ રચના કરી હતી. સં. ૧૭૦૦માં સપ્તતિકા નામના કર્મગ્રંથ પર બાલાવબોધ રચેલ હતો.

શ્રી વિજયહીરસૂરિને અકબર બાદશાહે 'જગતગુરુ'નું બિરૂદ આપ્યું (સં. ૧૬૪૦), તે વખતે બંદીવાનોને છોડી મૂક્યા અને સૂરિસહિત ધનવિજયને સાથે લઈ ડામર તળાવે જઈ ત્યાંના પાંજરામાં પૂરેલાં પક્ષીઓને મુક્ત કર્યાં. આ ધનવિજયે સૂરિ સાથે રહીને મેડતામાં જૈનવિહારોને મ્લેચ્છકરથી મુક્ત કરાવ્યા અને વાજાં વગાડવાં બંધી થઈ હતી તે ચાલુ કરાવી.

શ્રી ધનવિજયજી ઉપાધ્યાય મહા ત્યાગી–વૈરાગી અને વિદ્વદ્વર્ય હતા.

(જૈનસાહિત્યનો ઇતિહાસ'ને આધારે; સંકલનકર્તા : કરમશી ખેતશી બોના.)



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org